અપીલ અરજી નં.૨૩૧ તા.૧૮–૧૧–૦૮/૦૯

અરજદારઃ ડો. બાબુલાલ મોતીચંદ શાહ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ,વરાછા ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ ડો. બાબુલાલ મોતીચંદ શાહની તા.૬–૧૦–૦૮ ની અરજીથી શહેર વિકાસ ખાતા ધ્વારા ૧૯૮૬ થી ૧૯૯૪ સુધી થયેલા નાનાવરાછા ગામના પ્લાનની તથા તા.૪–૧૦–૧૯૯૦ ના પ્લાનની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૧/૨૦૦૮–૦૯

ડો. બાબુલાલ મોતીચંદ શાહની તા.૬–૧૦–૦૮ ની અરજીથી શહેર વિકાસ ખાતા ધ્વારા ૧૯૮૬ થી ૧૯૯૪ સુધી થયેલા નાનાવરાછા ગામના પ્લાનની તથા તા.૪–૧૦–૧૯૯૦ ના પ્લાનની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૮૯૨ તા. ૨૩–૧૦–૦૮ ના મુદ્દા નં.૨ થી માંગેલ માહિતીના પેરા નં.૨ ના મુદ્દા તથા ચાલતા નં.૧૨ ના તા.૪–૧૦–૯૦ પ્લાન પાસના કરવામાં મુકવામાં આવેલ માલિકીના પુરાવા બાબતે આપેલ જવાબો ખોટા ઉદાઉ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૯૦ તા.૧૯–૧૧–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ,વરાછા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.ન.૮૯૨ તા.૨૮–૧૧–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં શહેર વિકાસ ખાતા ધ્વારા ૧૯૮૬ થી ૧૯૯૪ સુધી થયેલા નાનાવરાછા ગામના પ્લાનની તથા તા.૪–૧૦–૧૯૯૦ ના પ્લાનની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૮૯૨ તા. ૨૩–૧૦–૦૮ થી અત્રે મોકલેલ વિગત અનુસાર તેઓ કક્ષાએથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૮૯૨ તા.૨૩–૧૦–૦૮ થી જવાબ પાઠવવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ અંગે અરજદારે દસ્તાવેજી ફી રૂ.૨/– જમા કરાવ્યેથી માહિતી આપવા જણાવેલ. તેમજ મુદ્દા નં.૧ ની આંશિક માહિતી માટે મ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૩૪૦૦ તા.૨૭–૧૦–૦૮ થી હાઈરાઈઝ કે કોમર્શીયલ બિલ્ડીગોના પ્લાન નિર્દિષ્ટ સમયગાળા માટે મંજુર કરવામાં નહીં આવેલ હોવાની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી અને વરાછાઝોન ધ્વારા ગામતળના તા.૪–૧૦–૯૦ થી મંજુર થયેલ પ્લાન અંગે માહિતી ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ . જે અંગે અપીલ અરજીમાં ઝોનલચીફ વરાછાઝોન તરફથી આપેલ જવાબ અંગે અરજદાર નારાજગી વ્યકત કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૧૦–૦૮ મુળ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ થી માંગેલ માહિતીના પેરા નં.૨ ના તા.૪–૧૦–૯૦ ના પ્લાન પાસની માહિતી બાબતે લાગત ફાઈલનું દફતરી ઈન્સ્પેકશન કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર દિન–૭ માં પુરી પાડવા તથા ઈન્સ્પેકશનને અંતે અરજદાર ઈચ્છે તે નકલો નિયમ–૫ હેઠળ નિયત ફી વસુલ લઈ અરજદારને પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) ડો.બાબુભાઈ મોતીચંદ શાહ,